# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-03-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાજ્યમાં ધુળેટીની ઉજવણી:

**આજે સમગ્ર દેશમાં ધુળેટીની ઉજવણી ચાલી રહી છે. રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં લોકો એકબીજા પર રંગ છાંટી ઉત્સવ મનાવી રહ્યા છે. જિલ્લાના મુખ્ય શહેરોમાં સવારના ભાગે મોટી સંખ્યામાં યુવાનો જાહેર માર્ગો પર નીકળી પડ્યા હતા અને એકબીજાને રંગીને રંગોત્સવ મનાવ્યો હતો. ભુજ શહેરના હમીરસર રોડ પર આજે સવારે જાણે આખું શહેર ઉમટ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે તે માટે અહીં પોલીસ દ્વારા સઘન પેટ્રોલીંગ પણ હાથ ધરાયું હતું. ધૂળેટી પર્વ નિમિત્તે માંડવીના બીચ પર પ્રવાસીઓનું ઘોડાપૂર ઉમટ્યું હતું. લોકોએ બીચ પર અબીલ ગુલાલ સાથે રંગોના પર્વને મનાવ્યુ હતું.**

**---------------------------------------------------------------------------------------------------------**

## યાત્રાધામોમાં ઉજવણી:

**આજે રાજ્યના પવિત્ર યાત્રાધામો પર ફૂલ ડોલ ઉત્સવ અને ફાગણી પૂનમની ઉજવણી થઇ રહી છે.**

**દેવભૂમિદ્વારકાના દ્વારકાધીશ મંદિરમાં ભક્તિમય માહોલ વચ્ચે ફૂલડોલ ઉત્સવ ઉજવાયો હતો. શક્તિપીઠ અંબાજીમાં મોટી સંખ્યામાં આવેલા ભક્તોને ધુળેટી પર્વ નિમિત્તે બે પૂનમનો લ્હાવો મળ્યો હતો. ડાકોરના રણછોડરાયજી મંદિરમાં ભક્તોની ભીડ ઉમટી હતી. ત્રણથી ચાર લાખ જેટલા ભક્તોએ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કર્યા. તો કચ્છના મંદિરોમાં પણ લોકો ઉમટ્યા હતા.**

**---------------------------------------------------------------------------------------------------------**

## અંજારમાં ઈશાક ચંદ્રના લગ્ન :

અંજારમાં ધૂળેટી પર્વની વિશેષ ઉજવણી કરવામાં આવે છે. આજે લગ્ને લગ્ને કુંવારા ઇશાકચંદ્રના અનોખા લગ્ન લેવાય છે. અત્યારે અંજારની મુખ્ય બજારમાં ઇશાકચંદ્રનો વરઘોળો નિકળ્યો છે. 200 વર્ષથી ચાલતી આવતી પરંપરા પ્રમાણે આજે લગ્નની ઉજવણી કરવામાં આવી રહી છે.જાનેયા બનેલા લોકો ફટાણા ગાય છે. હોળી પર્વની આ પ્રકારની અનોખી ઉજવણી સમગ્ર રાજ્યમાંથી માત્ર અંજાર શહેરમાં જ જોવા મળે છે.

---------------------------------------------------------------------------------------------

## પશુચિકિત્સા અધિકારીની બેઠક:

જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમની અધ્યક્ષતામાં જિલ્લાના પશુચિકિત્સા અધિકારીઓ સાથે ગઇકાલે સંકલન બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં પશુપાલન વિભાગની કામગીરી, કૃત્રિમ બીજદાનની કામગીરી, પુશધન વસ્તી ગણતરી, મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં પશુચિકિત્સકોએ જુદી જુદી કામગીરી અંગે ડીડીઓને માહિતગાર કર્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## સાંસદ દ્વારા ગુનેરીમાં રંગોત્સવ:

કચ્છના સાંસદ દ્વારા સરહદી ગામ ગુનેરીમાં રંગોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. ગુનેરી શાળામાં યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ વિનોદભાઇ ચાવડા, અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા અને અગ્રણીઓની ઉપસ્થીતિમાં શાળાના બાળકો સાથે રંગ ઉડાડી હોળી પર્વની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ઉમરસરથી ગુનેરી સુધીની 30 લાખના ખર્ચે પાણીની નવી લાઇનનું સાંસદ વિનોદ ચાવડા દ્વારા ખાતમુહૂર્ત પણ કરાયૂં હતું.

---------------------------------------------------------------------------------------------

## બાળકોનું સ્ક્રીનીંગ:

કચ્છમાં 2 હજાર 116 આંગણવાડી કેન્દ્રમાં 1 લાખ 3 હજાર 950 જેટલા 0 થી 5 વર્ષના બાળકોને પુરક પોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ વગેરે જેવી યોજનાનો આઈસીડીએસ અંતર્ગત લાભ આપવામાં આવી રહ્યો છે. આ બાળકોનું હેલ્થ સ્ક્રીનીંગ કરીને કુપોષણને દૂર કરવા ઝુંબેશ આદરાઇ છે. બાળકોનો વજન અને ઊંચાઈનો ડેટાની એન્ટ્રી પોષણ ટ્રેકર એપ્લિકેશનમાં આશા વર્કર બહેનો દ્વારા કરવામાં આવે છે. જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમની સૂચના અનુસાર આંગણવાડી કેન્દ્રોમાં આકસ્મિક મુલાકાત અને ક્રોસ ચેકિંગની કામગીરી પણ કરવામાં આવી રહી છે. અતિકુપોષિત બાળકોનું નિયમિતપણે હેલ્થ સ્ક્રીનીંગ કરીને કોઈપણ બાળકમાં તબીબી ખામી જણાય તો ચાઈલ્ડ માલન્યુટ્રીશિયન્સ ટિટ્રમેન્ટ સેન્ટરમાં રિફર કરાવવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી આઈએસઆર એમઓયુ:

કચ્છ યુનિવર્સિટી અને આઈએસઆર વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર થતાં જીઓલોજી , ભૂકંપ અને જીઓફિઝિક્સ સહિતના સંશોધન પ્રોજેક્ટ સંયુક્ત રીતે હાથ ધરાશે. આ એમઓયુ દ્વારા કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આઈએસઆરના વૈજ્ઞાનિકો દ્વારા જીઓલોજીના વિવિધ વિષયોમાં તાલિમ અપાશે તેમજ કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આઈએસઆરમાં ટ્રેનિંગ, પ્રોજેક્ટ અને સંશોધનના વિવિધ પ્રોજેક્ટો પર કામ કરવાની તક મળશે. આઈએસઆર દ્વારા કચ્છ યુનિવર્સિટી ખાતે પોતાના રિજનલ રિસર્ચ સેન્ટર સ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો છે.

---------------------------------------------------------------------------------------------------

## સરકારી આયુર્વેદિક હોસ્પિટલ-ભુજ:

કચ્છમાં બેવડી ઋતુ વચ્ચે શરદી, ઉધરસ, તાવ અને પાચનતંત્રના દર્દીઓ વધી રહ્યા છે ત્યારે ભુજની સરકારી આયુર્વેદિક હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં આ કારણે વધારો થતો જોવા મળી રહ્યો છે. હોસ્પિટલના વડા વૈદ્ય બર્થાબેન પટેલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, શિયાળા પછી દરરોજ 200 જેટલા દર્દીઓ જુદી-જુદી તકલીફોને લઈને સારવાર માટે આવી

**રહ્યાં છે. હોસ્પિટલમાં પંચકર્મની સારવાર લેવા આવતાં દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. ફેબ્રુઆરીના 28 દિવસમાં 1800થી વધુ દર્દીઓએ પંચકર્મની સારવાર કરાવી છે.**

---

## ભુકંપ આંચકો:

**રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, આજે વહેલી સવારે લદ્દાખના કારગિલમાં ૫.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જમ્મુ અને કાશ્મીરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપ સવારે ૨.૫૦ મિનિટે ૧૫ કિમીની ઊંડાઈએ આવ્યો હતો. કોઈ નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી.**

---

## કંડલા કસ્ટમ:

**કંડલા કસ્ટમ દ્વારા લખપત કિલ્લા, પંચાયત અને ગુરુદ્વારા ખાતે સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ તથા શાળાનાં બાળકોને શૈક્ષણિક કિટ વિતરણનું આયોજન કરાયું હતું.**

---